©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LXVII] FRIDAY, 13th MARCH, 2026/PHALGUNA 22, 1947 [No. 1907**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II EXTRAORDINARY**

## વિરમગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ

### મુખ્ય અધિકારી વિરમગામ નગરપાલિકા, વિરમગામ

### મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨ (વિરમગામ)ની દરખાસ્ત તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવા બાબત.

## અધિસુચન

Letter No. VRGNP/0129/02/2026.–સને ૧૯૭૬ના ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવ. એકટ અન્વયે, અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એકટ નં.૨૭)ની કલમ-૪૧ ની જોગવાઈઓ હેઠળ વિરમગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ/ વિરમગામ નગરપાલિકાની આયોજન સમિતિનાં તા. ૨૪-૦૨-૨૦૨૬ ના ઠરાવ નં.૧/૨૦૨૬ થી ઠરાવ્યા મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨ (વિરમગામ)ની દરખાસ્તને અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજયએ તા. ૦૨-૦૨-૨૦૨૬ ના પત્ર ક્રમાંક-નરયો/નં.૨/(વિરમગામ) કલમ(૪૧)(૧)/પરામર્શ/ઉ. ગુ./૩૭૦ થી આપેલ પરામર્શ અન્વયે નકશામાં ગુલાબી ઘેરા રંગની રેખાથી દર્શાવ્યા મુજબ વિરમગામ નગરપાલિકા હદ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨ (વિરમગામ) બનાવવા ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૧) મુજબ ઈરાદો જાહેર કરવામાં આવેલ છે.

જે મુજબના નકશાની એક નકલ, જમીન માલિકો તેમજ હીત સંબંધ ધરાવનાર વ્યકિતઓ તથા જાહેર જનતાને જોવા માટે મુખ્ય અધિકારીશ્રીની કચેરી, વિરમગામ નગરપાલિકા, અટલ બિહારી વાજપેયી ભવન, ગાંધી હોસ્પિટલ સામે, માંડલ રોડ, વિરમગામ-૩૮૨૧૫૦ ખાતે રજાના દિવસો સિવાયનાં દિવસે ઓફિસ સમયમાં પ્રદર્શિત કરવામાં આવેલ છે.

આ સમગ્ર બાબતે વિરમગામ નગરપાલિકાની નગર આયોજન સમિતિમાં નીચે મુજબ ઠરાવ પસાર થયો હતો.

**નગર આયોજન સમિતિના ઠરાવ નં.૧, તા. ૨૪-૦૨-૨૦૨૬.**

વિરમગામ નગરપાલિકાની હદમાં સમાવિષ્ટ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨ (વિરમગામ)ને મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરના તા.૦૨-૦૨-૨૦૨૬ ના પત્ર ક્રમાંક - નરયો/નં.૨/(વિરમગામ) કલમ(૪૧)(૧)/પરામર્શ/ઉ.ગુ./૩૭૦ થી અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ આપેલ પરામર્શ અન્વયે મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨ (વિરમગામ)તૈયાર કરવા અંગે પરામર્શની દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગની રેખાથી દર્શાવેલ વિસ્તારમાં મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨ (વિરમગામ)ની દરખાસ્ત તૈયાર કરવા માટેનો ઈરાદો સામાન્ય સભાના તા. ૧૨-૧૧-૨૦૨૫ ના ઠરાવ નં. ૨/૨૦૨૫ થી મળેલ સત્તા અનુસાર ધી ગુ.ટા.પ્લા. એન્ડ અર્બન ડેવ.એક્ટ-૧૯૭૬ની કલમ-૪૧(૧) હેઠળ જાહેર કરવામાં આવે છે અને ઈરાદો જાહેર કરવા અંગે સામેલ  અધિસૂચન મંજૂર કરવામાં છે. તથા અધિનિયમના રૂલ્સ નં. ૧૭ હેઠળ ઓનર્સ મીટીંગ યોજવા તથા અધિનિયમની કલમ-૪૨(૧) હેઠળ પ્રસિધ્ધ કરવા તથા પ્રસિધ્ધી અન્વયે મળેલ વાંધા સુચનો અન્વયે નિર્ણય લઈ, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તને અધિનિયમની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા, આ કામે ખર્ચ કરવા સુધીની તમામ સત્તા મુખ્ય અધિકારીશ્રીને સોંપવા સામાન્ય સભાને ભલામણ કરવાનું સર્વાનુમતે મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

**વિરમગામ**
**તા. ૨૭-૦૨-૨૦૨૬**

**સહી/- અવાચ્ય**
મુખ્ય અધિકારીશ્રી
વિરમગામ નગરપાલિકા



Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.03.13 14:39:28 IST